જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,૨૫૬૩૦૩૦૦,૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૯/૨/૨૦૧૫ ગુરૂવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-** **સમાચાર યાદી નં.૩૫૬/૧૫**

## વિરમગામનાલાખ્ખો રુપિયાની લુંટના ગુનામાં નાસતા કરતા આરોપીની જબ્બે કરતી એસઓજી ક્રાઇમબ્રાન્ચ

મદદનીશ પોલીસ કમીશનર શ્રી બી.સી.સોલંકી એસઓજી ક્રાઇમબ્રાંચ અમદાવાદ શહેર તથા પોલીસ ઇન્સ્પેકટરશ્રી એસઓજી ક્રાઇમબ્રાંચ નાઓની સુચનાથી એસઓજી ના પોસઇ શ્રી વી.એચ.જાડેજા તથા પોસઇશ્રી સી.બી.ગામીત નાઓ આજ રોજ તા.૧૯.૦૨.૧૫ ના રોજ પોતાના સ્કોડના માણસો સાથે શહેર વિસ્તાર માં પેટ્રોલીંગમાં હતા. જે દરમ્યાનચાંદખેડા ઝુંડાલસર્કલ પાસે આવતાબાતમી હકીકત મળેલ કે " વિરમગામ તાલુકા પોલીસ સ્ટેશનના ત્રણ વર્ષ અગાઉના લુંટના ગુનાનો વોન્ટેડ આરોપી ગુલામહુસેન ઉર્ફે ગુલ્લુ રહે ગવાડી ડીસા બનાસકાંઠા વાળો આજરોજ અત્રે વખતે મહેસાણા તરફના રોડ ઉપરથી આવી ચાંદખેડા તરફ જનાર છે'' વિગેરે બાતમી હક્કિત આધારે વોચમાં રહી સદરહું ઇસમ મળી આવતા તેની પુછપરછ કરતા આજથી આશરે ત્રણેક વર્ષ અગાઉ તે પોતે તથા શાંતી રહે ધાંગ્રધા બાજુ વાળો તથા યુનુસ ઉમર મેમણ રહે ગવાડી ડીસા તથા સઇદ રહે સિધ્ધપુર તથા કાલુ રહે સિધ્ધપુર રસુલતળાવ નાઓ મળી તોઓ પાંચે જણા લુંટ કરવા માટે નીકળેલા અને યુનુસ તથા શાંતી બન્ને તેઓને વિરમગામ હાસપુર ચોકડી થી બે એક કિલોમીટર તરફ ધાંગ્રધા આવેલ ચોકડી ઉપર લઇ ગયેલ જ્યાં યુનુસ ઇન્ડીકા ચલાવતો હતો તેને ઇન્ડીકા એક ટાટા ટેમ્પોને રોકવા માટે આડી કરેલ અને ટેમ્પો ઉભો રહેતા તેઓ ટેમ્પામાં ચઢી ગયેલ અને ટેમ્પા સાથે ડ્રાઇવરનુ અપહરણ કરી લઇ ગયેલા અને ડ્રાઇવર પાસેના ટેમ્પાસાથે અપહારણ કરી ત્રણેક લાખ રુપીયા લુંટી લઇ ડ્રાઇવર ને રસ્તામાં ઉતારી દીધેલ હોવાની હક્કિત જણાવતા આ બાબતે વિરમગામ ખાતે તપાસ કરતાં વિરમગામ તાલુકા પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં.૧૩/૧૨ ધી ઇપીકો કલમ ૩૬૫,૩૯૫ મુજબ ગુનો દાખલ થયેલ હોવાની અને આ કામે ટાટા ટેમ્પો કિ.રુ ૩,૫૦,૦૦૦/- તથા મોબાઇલ કિ રુ.૫૦૦/- તથા રોકડ નાણા રૂ.૩,૧૦,૯૩૪/- મળી કુલ્લે રૂ. ૬,૬૧,૪૩૪/ નો મુદ્દામાલ લુંટમાં ગયેલ હોવાની હકીકત જણાયેલ છે.જેથી સદરહું આરોપીને CRPC કલમ ૪૧(૧)(એ) મુજબ અટક કરી વિરમગામ તાલુકા પો.સ્ટે ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે.

<u>વટવા પોલીસ સ્ટેશન</u>

(૧).આરોપી  મોહ્સીનખાન અફજલનબીખાન પઠાણ ઉ.વ.૩૧ ધંધો.રી.ડ્રા રહે. બાગે ઇરફન-૨ મોટા ઠાકોર વાસ પાછ્ળ વટવા કેનાલ પાસે વટવા અમદાવાદ નાને વટવા પોલીસ સ્ટેશનમાં ઇગ્લીશ દારૂ ના ગુનામાં પકડાયેલ જેમાં સદરી આરોપીને મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓના પાસા અટકાયતી હુકમ ક્રમાંક પી.સી.બી./ડી.ટી.એન./પાસા/૧૨૬/૨૦૧૫ તા.૧૮/૦૨/૨૦૧૫ ના હુકમ આધારે સદરી આરોપી ને તા.૧૮/૦૨/૨૦૧૫ ના રોજ હુકમની બજવણી કરી મહેસણા  જીલ્લા જેલ ખાતે પાસા અટકાયતમાં રહેવા સારૂ મોકલી આપેલ છે

(૨).આરોપી  ફિરોઝખાન સકાઉલ્લાખાન પઠાણ ઉ.વ.૩૭ ધંધો.રી.ડ્રા રહે. જુમ્માખાન પઠાણ ની ચાલી  કલંદરી મસ્જીદની બાજુ મા ગલી ન-૧ રખીયાલ ચાર રસ્તા અમદાવાદનાને વટવા પોલીસ સ્ટેશનમાં ઇગ્લીશ દારૂ ના ગુનામાં પકડાયેલ જેમાં સદરી આરોપીને મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓના પાસા અટકાયતી હુકમ ક્રમાંક પી.સી.બી./ડી.ટી.એન./પાસા/૧૨૭/૨૦૧૫ તા.૧૮/૦૨/૨૦૧૫ ના હુકમ આધારે સદરી આરોપીને તા.૧૮/૦૨/૨૦૧૫ ના રોજ હુકમની બજવણી કરી વડોદરા  જીલ્લા જેલ ખાતે પાસા અટકાયતમાં રહેવા સારૂ મોકલી આપેલ છે.

(૩).આરોપી  ફિરોઝમંહમદ મહેંદીમંહમદ શેખ ઉ.વ.૩૮ ધંધો.રી.ડ્રા રહે. બ્લોક નબર ૯૯/૪૭૮ ગુજરાત હાઉસીંગ બોર્ડ બાપુનગર અમન ચોક અમદાવાદનાને વટવા પોલીસ સ્ટેશનમાં ઇગ્લીશ દારૂ ના ગુનામાં પકડાયેલ જેમાં સદરી આરોપીને મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓના પાસા અટકાયતી હુકમ ક્રમાંક પી.સી.બી./ડી.ટી.એન./પાસા/૧૨૮/૨૦૧૫ તા.૧૮/૦૨/૨૦૧૫ ના હુકમ આધારે સદરી આરોપીને તા.૧૮/૦૨/૨૦૧૫ ના રોજ હુકમની બજવણી કરી રાજકોટ જીલ્લા જેલ ખાતે પાસા અટકાયતમાં રહેવા સારૂ મોકલી આપેલ છે.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર
પોલીસ કમિશનર વતી.